**રે.દી.મુ. ૦૪/૨૦૨૫**

**:: આંક– ૫ હેઠળ વધુ હુકમ ::**

(૧) ઉપરોકત હુકમ થયા બાદ અને ઈસ્યુ ફ્રેમ થયા બાદ આજરોજ કલાક ૧૬:૦૦ વાગે વાદીના વકીલશ્રી હાજર થયેલ છે અને તેઓએ રજુઆત કરેલ છે કે આંક–૫ના હુકમના પેજ નં.ર પર માર્ક ૧૧/૧ વાળા દસ્તાવેજમાં દર્શાવેલ રસ્તો જોવામાં આવે તો ૧૪ ફૂટ લખેલ છે પરંતુ ટાઈપોગ્રાફીકલ ભુલને કારણે આંક–૫ના હુકમમાં ''.....૨૦ ફૂટ પહોળો આવેલ છે..... '' તેથી તે જગ્યાએ ટાઈપોગ્રાફીકલ ભુલ સુધારવા અરજ કરેલ છે.

(૨) રેકર્ડ જોતા માર્ક ૧૧/૧ થી રજુ થયેલ નકશો જોતા વાદીના ઘરની આગળનો કોમન રસ્તો ૧૪ ફૂટ દર્શાવેલ છે. પરંતુ આંક–૫ ના હુકમના પેજ નંબર–૨ માં છેલ્લેથી ત્રીજી લીટીમાં ૨૦ ફૂટ લખેલ છે જે ટાઈપોગ્રાફીકલ ભૂલના કારણે લખાયેલુ જણાતુ હોઈ સીપીસીની કલમ ૧૫૨ મુજબ ટાઈપોગ્રાફીકલ ભૂલ સુધારવા અં ગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

– આંક–૫ની અરજીના હુકમના પાના નં.ર ઉપર છેલ્લેથી ત્રીજી લીટી ''.....**૨૦ ફૂટ** પહોળો આવેલ છે..... ''તેની જગ્યાએ ''.....**૧૪ ફૂટ** પહોળો આવેલ છે..... '' તેવી રીતે આંક–૫ ના પાના નં.ર પર ઉપરોકત સુધારેલી ટાઈપોગ્રાફીકલ ભૂલ વંચાણે લેવા હુકમ કરવામાં આવે છે તથા હુકમના પરિણામમાં કોઈ ફેરફાર કરવામાં આવતો નથી.

આ હુકમ આજ તારીખ ૧૪ માહે–ફેબ્રુઆરી,સને–૨૦૨૫ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વિજાપુર
તા.૧૪/૦૨/૨૦૨૫

**(એસ.એસ. અજમેરી)**
એડી.સિવિલ જજ અને જ્યું.મેજી.ફ.ક.
વિજાપુર
જિજે૦૧૫૨૫